# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦ પ્રદર્શનમાં ત્રણ દિવસમાં ૧૯૫૦૦ મુલાકાતી ઉમટયા, આજે છેલ્લો દિવસ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ ૨૦૨૦ દરમિયાન ચાર દિવસ માટે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦' પ્રદર્શન યોજાયુ છે.

સુરત ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, વલસાડ, સેલવાસ, જામનગર, હિમ્મતનગર, મોરબી, કચ્છ, મુંબઇ, ઠાણે, હરીયાણા અને ગુડગાવથી મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લઇ રહયા છે. પ્રથમ દિવસે મેગા બિલ્ડ એક્ષ્પોમાં ચાર હજાર, બીજા દિવસે છ હજાર અને આજે રવિવારે ૯૫૦૦ મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આવતીકાલે છેલ્લા દિવસે પણ હજારોની સંખ્યામાં મુલાકાતીઓ પ્રદર્શન નિહાળવા આવશે તેવી આશા છે.

ઉલ્લેખનીય છે કે, એક્ષ્પોમાં એકઝીબીટર્સ દ્વારા પોતપોતાની વિવિધ પ્રોડકટ્સ ઉપર સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત તોશીબા કંપનીના એર કન્ડીશન્ડ ઉપર એમઆરપી કિંમત કરતા દસથી બાર હજાર રૂપિયાના ડિસ્કાઉન્ટની ઓફરનો લોકોએ લાભ લીધો હતો. પ્રદર્શનમાં ફર્નીચર એન્ડ સ્ટીલ સેગ્મેન્ટ, ફર્નીચર એન્ડ ફર્નીશીગ સેગ્મેન્ટ, હાર્ડવેર સેગ્મેન્ટ, સિરામીક સેગ્મેન્ટ, પેન્ટ સેગ્મેન્ટ, ઇલેકટ્રીકલ સેગ્મેન્ટ અને મશીન ટૂલ્સ સેગ્મેન્ટને આવરી લેવામાં આવ્યા છે. વિવિધ સેગ્મેન્ટમાં નવી ડિઝાઇન અને અદ્યતન ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવી રહયુ છે.